પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬૪ | ૫ ડિસેમ્બર, ૨૦૧૮, બુધવાર; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

પેપર લીક કૌભાંડમાં મોટું રેકેટ સામે આવ્યું..!

ગુજરાતની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક દિલ્હીની એક પ્રોફેશનલ ગેંગ કરતી હોવાનું ખુલ્યુઃ આ ગેંગે ઘણા રાજ્યોની પરિક્ષાના પેપર લીક કર્યા છેઃ ગાંધીનગર પોલીસે વધુ ચાર આરોપીની ધરપકડ કરીઃ ઉમેદવારોને દિલ્હી લઈ જઈને પેપરના જવાબો આપી ઉમેદવારો પાસેથી આ ગેંગ પાંચ લાખનો ચેક લઈ લેતી હતી : પરીક્ષાના ત્રણ દિવસ પહેલાં જ નાના ચિલોડા થી ત્રણ ઇનોવા અને એક ટાવેરા ગાડી ભરીને ૩૫ જેટલા ઉમેદવારોને દિલ્હી લઈ જવાયા હતાઃ હજુ અનેક સૂત્રધારોના નામો બહાર આવે તેવી શક્યતા

ગાંધીનગર તા ૪

સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવી દેનાર લોકરક્ષક પેપર લીક કૌભાંડમાં ગાંધીનગર પોલીસે આજે વધુ ચાર આરોપીઓને પકડી પાડયા છે. પકડાયેલા ચારેય આરોપીઓ પોતે ઉમેદવાર હતા. આ પેપર લીક કૌભાંડની તપાસ દરમિયાન એક મોટું રેકેટ બહાર આવ્યું છે. ગુજરાત રાજ્ય સહિત અન્ય કેટલાક રાજ્યોની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરવા દિલ્હીની એક પ્રોફેશનલ ગેંગ કામ કરતી હોવાનું બહાર આવવા પામ્યું છે. આ ગેંગ દ્વારા ઘણા રાજ્યોની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરવામાં આવ્યા હોવાનું પણ પોલીસની તપાસમાં ધ્યાને આવી છે. ગુજરાતના એક નીલેશ નામના મુખ્ય સૂત્રધાર નું નામ ખુલ્યું છે જે આ દિલ્હીની ગેંગના સંપર્કમાં હતો ને ગુજરાતના સેટીંગવાળા ઉમેદવારોને દિલ્હી લઈ જઈને સોલ્વ કરેલા પેપરના જવાબો આપી પાછો ગુજરાત લઈ આવ્યો હતો. ગાંધીનગર પોલીસે મુખ્ય સૂત્રધાર સહિત ગુજરાતના સેટિંગ વાળા ઉમેદવારો અને પેપર લીક કરવામાં સંડોવાયેલા શખ્સો ઉપરાંત દિલ્હી ની આખી પેપરલીક ગેંગ સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ઉમેદવારો પાસેથી રૂપિયા લઈ લીધા છે કે નહિ તેની પુછપરછ કરાઈ

પોલીસે ગઈ રાત્રે ચીફ જ્યુડિશલ મેજિસ્ટ્રેટ એચ. વી. જોશીના ઘરે આરોપીઓને રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. આરોપી યશપાલસિંહ જસવંતસિંહ સોલંકીને ઝડપી લેવા, આરોપીઓ અન્ય ગુનામાં સંડોવાયેલા છે કે નહીં અને બીજા કોણ કોણ આ ગુનામા સંડોવાયેલા છે તે સહિતના સવાલોના જવાબ મેળવવા પુછપરછ માટે ૧૪ દિવાસના રિમાન્ડ પોલીસે માંગ્યા હતા. રિમાન્ડના ગ્રાઉન્ડમા પોલીસે શંકા વ્યક્ત કરતા રજૂઆત કરી હતી કે, પરીક્ષા પુરી થયા બાદ રૂપિયા પાંચ લાખ લેવાનું નક્કી કર્યુ હોવાનું આરોપીઓ કહે છે, જે માની શકાય તેમ નથી. આરોપીઓએ રુપિયા પહેલેથી જ ઉઘરાવી લીધા છે કે કેમ તે અંગે પોલીસે રિમાન્ડ મેળવીને પુછપરછ કરી હતી.

પેપર લીક ગેંગ કેવી રીતે સેટીંગ કરતી હતી?

ગાંધીનગર પોલીસે કરેલા ઈન્વેસ્ટિગેશનમાં વિગતો બહાર આવી છે કે દિલ્હી-ગુડગાવમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરતી પ્રોફેશનલ ગેંગ સક્રિય છે. આ ગેંગના સભ્યો દ્વારા ગુજરાત પોલીસ ભરતી બોર્ડની પરીક્ષાનું પેપર લીક કરી ગુજરાતના ઉમેદવારોનો સંપર્ક કોઈ નિલેશ નામનાં સુત્રધાર મારફતે કરીને આખા ષડયંત્રને અંજામ આપ્યો હતો. લોકરક્ષકની પરીક્ષા હતી તેના ત્રણ દિવસ પહેલા ૨૯ તારીખે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન કરાર આધારીત કર્મચારી યશપાલ સોલંકી કે જે અત્યાર સુધી મુખ્ય સૂત્રધાર ગણાતો હતો તે તથા આજે પકડાયેલા ચાર આરોપીઓ નાના ચિલોડા ખાતે ભેગા થયા હતા. તેમની સાથે આ પરીક્ષા આપવા વાળા અન્ય ઉપથી વધુ સેટીંગબાજ ઉમેદવારો પણ આ સ્થળે એકત્ર થયા હતા અને ત્રણ ઈનોવા અને એક તોફાન મળી કુલ ૪ વાહનોમાં દિલ્હી ગયા હતા. ૩૦ તારીખે આ તમામ ગાડીઓ ગુડગાવ ખાતે પહોંચી હતી અને તમામ ઉમેદવારોને પાંચ-પાંચ ને ટુકડીઓમાં ગોઠવી અલગ-અલગ ગાડીઓમાં બેસાડીને આ પેપરલીક ગેંગ અલગ અલગ ફ્લેટો-રૂમોમાં લઈ ગઈ હતી. ઉમેદવારોને પાંચ-

દિલ્હી ગયેલા તમામ ઉમેદવારોએ આ ગેંગના પાંચ લાખના ચેક આપ્યા હતા

ગુજરાતી ચાર ગાડીઓ ભરીને ઉપથી વધુ ઉમેદવારો દિલ્હી પહોંચ્યા હતા અને પેપર લઈ લીધા બાદ તમામ ઉમેદવારોએ પાંચ લાખનાચેક દિલ્હી પેપર લીક કરતી ગેંગને લીક કરેલું પેપર બતાવવાની સામે આપ્યા હતા. જોકે આ ચેક આપતી વખતે પણ શરત કરવામાં આવેલી હતી. બીજી તારીખે પેપર પૂરું થઇ જાય અને લીક થયેલા પ્રશ્નો સાચા નીકળે ત્યારે જ દિલ્હીના સભ્યો આ કોરા ચેકમાં નામ લખી તેમના કોઈપણ ખાતામાં ડિપોઝિટ કરશે. ત્યાં સુધી આ ગેંગ ઉમેદવારોએ આપેલા ચેક વટાવશે નહીં.

દિલ્હીની પેપરલીક ગેંગનું ગુજરાત કનેક્શન 'નિલેશ'

ચાર ગાડીઓમાં ઉમેદવારો ભરીને દિલ્હી લઈ ગયો ને ત્યા જઈને નિલેશે બધાના મોબાઈલો લઈ લીધા

ગુજરાતના ગાંધીનગર અમદાવાદ વચ્ચે આવેલા નાના ચિલોડાથી ચાર મોટી ગાડીઓ કરીને ઉપથી વધુ ઉમેદવારોને નિલેશ નામનો શખ્સ દિલ્હી લઈ ગયો હતો. દિલ્હીની પેપર લીક ગેંગનુ ગુજરાત કનેક્શન નિલેશ નામનો સૂત્રધાર હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે. ગાંધીનગર પોલીસના હાથે જેટલા આરોપીઓ પકડાયા છે તે પૈકી મોટાભાગના ઉમેદવારો છે અને તેમની પૂછપરછમાં બહાર આવ્યું છે કે નિલેશ નામનો જ વ્યક્તિ તેમને દિલ્હી ગેંગ પાસે લઈ ગયો હતો અને લીક થયેલુ પેપર સોલ્વ કરાવી પરત ગુજરાત લઈ આવ્યો હતો. એટલું જ નહીં નિલેશે દિલ્હી પહોંચીને તમામ ઉપથી વધુ ઉમેદવારોના મોબાઈલો પણ જપ્ત કરી લીધા હતા ને ગુજરાત આવ્યા બાદ પરત આપ્યા હતા.

ન્યુઝ ટ્રેક

ઉમા ભારતી ચૂંટણી નહી લડે

સુષમા સ્વરાજ બાદ હવે કેન્દ્રિય મંત્રી ઉમા ભારતીએ જાહેરાત કરી છે કે તેઓ લોકસભાની ચૂંટણી નહી લડે. ભોપાલમાં તેઓએ આ ઘોષણા કરતા કહ્યુ હતુ કે હવે તેઓ ગંગા અને રામ મંદિર મુદ્દે ધ્યાન કેન્દ્રિત કરશે.

ફ્રાન્સમાં પેટ્રોલ પરનો કર પાછો ખેંચાઈ શકે

ફ્રાન્સમાં લોકોના વિરોધને પગલે પ્રધાનમંત્રી એડવર્ડ ફિલિપે પેટ્રોલીયમ ઈંધન પર પ્રસ્તાવિત કરોની વૃદ્ધિને પાછો ખેંચવાની જાહેરાત કરી શકે છે.

જળવાયુ પરિવર્તનથી ભારત સૌથી વધુ અસરગ્રસ્ત

જળવાયુ પરિવર્તન આજે સમગ્ર દુનિયા માટે એક ગંભીર સમસ્યા બની ગઈ છે. તાજેતરના એક રીપોર્ટમાં જણાવાયુ છે કે ભારત તેનાથી સૌથી વધુ અસરગ્રસ્ત છે. ચીનની તૈયારીઓ વધુ સારી છે.

હાઇસિસે સૌપ્રથમ તસવીર ગુજરાતની મોકલી

ઈસરો દ્વારા ગઈ ૨૯મી નવેમ્બરના રોજ અંતરિક્ષમાં છોડાયેલા હાઇસિસે (હાઇપર સ્પેક્ટ્રમ ઈમેજીંગ સેટેલાઈટ) સૌપ્રથમ તસવીર મોકલી છે. જેમાં ગુજરાતના લખપતનો વિસ્તાર સ્પષ્ટ દેખાતો હતો.

બુલંદશહેર હિંસા મામલે જુદી જુદી જગ્યા પર વ્યાપક દરોડા

માસ્ટરમાઇન્ડ યોગેશની શોધખોળ : ૮૭ લોકો સામે એફઆઈઆર : બે લોકોની ધરપકડ અને ચાર લોકોને કસ્ટડીમાં લેવાયા

નવી દિલ્હી,તા. ૪

ઉત્તરપ્રદેશના બુલન્દશહેરમાં સોમવારના દિવસે ગૌહત્યાની અફવા બાદ ફેલાયેલી વ્યાપક હિંસાના એક દિવસ બાદ આજે પણ સ્થિતી વિસ્ફોટક રહી હતી. બીજી બાજુ પોલીસ દ્વારા વ્યાપક દરોડાનો દોર જારી રાખવામાં આવ્યો છે. પોલીસે તપાસને વધારે ઝડપી બનાવીને હજુ સુધી બે લોકોની ધરપકડ કરી છે. બીજી બાજુ હિંસાના સંબંધમાં દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં ૮૭ લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચાર લોકોને કસ્ટડીમાં પણ લેવામાં આવ્યા છે. જુદી જુદી ટીમો સક્રિય થઇ છે. પોલીસે આજે કહ્યું હતું કે, છ ટીમો આરોપીઓને પકડી પાડવા માટે તપાસ કરી રહી છે. આ મામલામાં મુખ્ય આરોપી તથા બજરંગ દળના જિલ્લા સંયોજક યોગેશ રાજને પકડી પાડવા દરોડા પાડવામાં આવી રહ્યા છે. યોગેશ રાજ મુખ્ય આરોપી છે તેના ઉપર એફઆઈઆરમાં હિંસા ભડકાવવાના આક્ષેપ મુકવામાં આવ્યા છે. ઘટનાના ગાળા દરમિયાન સુબોદકુમાર સિંહે તેને સમજાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ તે માન્યો ન હતો. આરોપીએ હિંસા ભડકાવી હતી. યોગેશ રાજને હજુ પકડી પાડવામાં આવ્યો નથી. યોગેશ રાજ પહેલા પ્રાઈવેટ નોકરી કરતો હતો અને ૨૦૦૬માં યોગેશ બજરંગ દળમાં જિલ્લા સંયોજક બન્યો હતો. ત્યારબાદ તમામ કામમાં લાગી ગયો હતો. યોગેશ સામે અગાઉ પણ તપાસ કરવામાં આવી ચુકી છે. વહીવટીતંત્ર દ્વારા જુદી જુદી ટીમો રોકીને તપાસ કરવામાં આવી રહી છે. તપાસમાં ૨૭ લોકોના નામનો ઉલ્લેખ છે જ્યારે અન્ય ૬૦ લોકો વણઓળખાયેલા લોકો પણ રહેલા છે.

રાહુલ-સોનિયાને નેશનલ હેરાલ્ડ કેસમાં ફટકો

સોનિયા, રાહુલ ગાંધી સામે કેસ ખોલવા આઈટી વિભાગને બહાલી : કાર્યવાહી ઉપર તેના આદેશને હાલ અમલી ન કરવા માટેનો આદેશ : સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની મુશ્કેલીમાં વધારો થયો

મુંબઈ,તા. ૪

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને નેશનલ હેરાલ્ડ કેસમાં મોટો ફટકો પડ્યો છે. કારણ કે, સુપ્રીમ કોર્ટે નેશનલ હેરાલ્ડ કેસના સંબંધમાં ૨૦૧૧-૧૨ માટે ટોચના કોંગ્રેસી નેતા રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના ટેક્સ મૂલ્યાંકન સંબંધિત કેસને ફરી ખોલવા માટે ઈન્કમટેક્સ વિભાગને મંજુરી આપી દીધી છે. આની સાથે જ બંને નેતાઓની મુશ્કેલી આગામી દિવસોમાં વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જો કે, સુપ્રીમ કોર્ટે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સામે તથા તેમના માતા સોનિયા ગાંધી સામે કોર્ટ સમક્ષ આ મામલો પેન્ડિંગ રહે ત્યાં સુધી કાર્યવાહીમાં તેના આદેશને

અમલી બનાવવાથી દૂર રહેવા આઈટી વિભાગને આદેશ કર્યો છે. કોર્ટે કહ્યું છે કે, રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓની મેરિટ ઉપર કોઈપણ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવી રહ્યો નથી. ટેક્સનો મામલો નેશનલ હેરાલ્ડ કેસ સાથે સંબંધિત છે જેમાં કોંગ્રેસના નેતાઓ ફોજદારી કાર્યવાહીનો સામન કરી રહ્યા છે. જસ્ટિસ એકે સિકરીના નેતૃત્વમાં બેંચે આગામી વર્ષે ૮મી જાન્યુઆરીના દિવસે વધુ સુનાવણી માટે આ મામલો મોકૂફ કરી દીધો છે. આઈટી વિભાગ તરફથી ઉપસ્થિત રહેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, કોર્ટે સોનિયા ગાંધી અને અન્યો સામે મુલ્યાંકન આદેશને અમલી કરવાથી દૂર રહેવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે, કોર્ટે આ મામલા પર સુનાવણી ચલાવવી જોઈએ અને યોગ્ય આદેશ આપવો જોઈએ. જો કે, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસ અબ્દુલનઝીરની બનેલી બેંચે કહ્યું હતું કે, સમયના કારણે આ મામલો મંગળવારના દિવસે હાથ ધરી શકાયો નથી. બંને પાર્ટીઓને આ વચગાળાનો આદેશ હાલમાં પાળવવાનો રહેશે. એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે, આ કેસના મેરિટમાં વિસ્તૃત સુનાવણીની જરૂરિયાત દેખાઈ રહી છે. ગાંધી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ઓસ્કાર ફર્નાન્ડિઝે ૧૦મી સપ્ટેમ્બરના દિવસે આપવામાં આવેલા દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંક્યો હતો. આ ચુકાદામાં ૨૦૧૧-૧૨

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસે ગંભીરતા દર્શાવી હોત તો કરતારપુર દેશમાં જ હોત : મોદી

કોંગ્રેસના કારણે કરતારપુર પાકિસ્તાનમાં છે : રાજસ્થાનમાં પ્રચાર વેળા કરતારપુર કોરિડોરનો મામલો ઉઠાવ્યો : કોંગ્રેસે સત્તાની લાલચમાં શ્રેણીબદ્ધ ભુલો કરી : મોદી

હનુમાનગઢ, તા. ૪

લાંબા સમયથી પાકિસ્તાનમાં કરતારપુર ગુરુદ્વારાને લઈને વિપક્ષની ખેંચતાણનો સામનો કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આખરે જવાબ આપ્યો છે. રાજસ્થાનમાં એક ચૂંટણી સભાને સંબોધતા વડાપ્રધાને આને લઈને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, વિભાજનના સમયે જો કોંગ્રેસના નેતાઓએ સંવેદનશીલતા અને ગંભીરતા દર્શાવી હોત તો ભારતથી અલગ થઈને કરતારપુર પાકિસ્તાનમાં ગયું ન હોત. ભાજપથી કોંગ્રેસમાં સામેલ થયેલા નવજોત સિદ્ધૂની પાકિસ્તાની યાત્રાઓથી ગરમ બનેલા કરતારપુર કોરિડોરના મુદ્દા ઉપર બંને પાર્ટીઓ વચ્ચે ખુબ ખેંચતાણ ચાલી રહી છે. એકબાજુ પાકિસ્તાન પાસેથી નરમ વલણ દર્શાવવામાં આવ્યા બાદ ભાજપે સિદ્ધૂ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા છે. સિદ્ધૂએ સીધીરીતે વડાપ્રધાન ઉપર પ્રહાર કર્યા છે. રાજસ્થાનના હનુમાનગઢમાં ચૂંટણી સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, વિભાજનના સમયે કોંગ્રેસના નેતાઓએ કોઈપણ ગંભીરતા દર્શાવી ન હતી. ભારતના જીવનને ગુરુનાનક દેવનું સ્થાન શું છે તો ત્રણ કિલોમીટરના અંતરે અમારા કરતારપુર અમારાથી અલગ થવાની જરૂર રહી ન હતો. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, સત્તાના નશાને સમજી શકાય છે પરંતુ સપ્તાહ અને રાજગાદીની લાલચમાં કોંગ્રેસે એક પછી એક જે ભુલો કરી છે તેની કિંમત ભારત આજે પણ ચુકવે છે. કોંગ્રેસની દરેક મોટી ભુલોને સુધારવા માટે તેઓ પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સવા સો કરોડ દેશવાસીઓના આશીર્વાદથી તેઓ આ સમસ્યાઓને દૂર કરી રહ્યા છે. રાજસ્થાનને દેશના વીરોની ધરતી ગણાવીને મોદીએ કહ્યું હતું કે, જ્યારે ભારતીય સેના નૌસેના દિવસની ઉજવણી કરી રહી છે ત્યારે આ ધરતીના પુત્રો એડમિરલ

● અનુસંધાન પાન-૭ પર

અભિનવ ક્લીનીક
ડો. અનિલ વેદ
બાળ રોગના નિષ્ણાતનું ક્લીનીક અજંટા કોમ્પલેક્સ, સેક્ટર-૧૬માંથી નીચેના સ્થળે બદલેલ છે
પ્લોટ નં. ૭૧૯/૨, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર
સમય : સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ સુધી
સંપર્ક : ૦૭૯-૨૩૨૨૧૦૬૪, ૯૪૨૮૦ ૧૮૨૮૪
અગાઉથી એપાઈન્ટમેન્ટ મેળવીને આવવા વિનંતી.

જોઈએ છે
પ્લોટ
ગાંધીનગરની કોઈપણ
ટી.પી. સ્કીમમાં બંગલા લાયક
૫૦૦ થી ૭૦૦ ચો. વાર
88496 91221

REQUIRED ACCOUNTANT
Commerce Graduate with knowledge of Tally, GST, TDS
Contact
94265 34902

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય